# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૨૭ તા. ૧૯.૦૨.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૬/ક્વા-3/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી જયંતીલાલ પોલાભાઈ સાવલીયા ગામ – રાજકોટ

સબડીવીઝન: બિલખા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૧

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: મંગળવાર (૧૮-૦૧-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૧-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, હું મુ.જામકા (ગીર) તા,જી,જુનાગઢ ગામતળ ઇટાળીના માર્ગેના ખેડ ખાતા નં.૫૨ સંનં. ૨૦ સં.નં.૧૨/૩ ની પિયતવાળી ખેતીની જમીન પર રેવન્યુ રેકર્ડ મુજબ મારૂ નામ સંયુક્ત નામે ખાતેદાર છુ મારૂ મુળ વતન જામકા ગીર તા.જી.જુનાગઢ છે અને હાલ ઉક્ત સરનામે રાજકોટ રહું છું ઉક્ત જમીન તથા કુવામાં સંયુક્ત નામે ખાતેદાર છું (૧) સ્વ.ખીમાભાઇ ભુરાભાઈ સાવલીયા (૨) સ્વ.કરમશીભાઇ ભુરાભાઈ સાવલીયા (૩) સ્વ.પાંચાભાઈ ભુરાભાઈ સાવલીયા (૪) સ્વ.પોલાભાઈ ભુરાભાઈ સાવલીયાના વારસદારો એચએએલ ઉક્ત સર્વે નંબરવાળી

જમીન તથા કુવાનો કબ્જો ધરાવે છે અને ખેડ કરે છે ઉક્ત સ્વર્ગસ્થ ક્રમ-(૧) થી ક્રમ-(૪) પૈકી ક્રમ-(૪) નો વારસદાર છું ઉક્ત ક્રમ-(૧) થી (૪) પૈકી ક્રમ (૧) ના વારસદાર શ્રી પરસોત્તમભાઈ સાવલીયાએ જુની અરજી તથા નવી અરજી સાથે જોડેલ સહમતી પત્રકમાં મારી તથા અન્ય સંયુક્ત ખાતેદારોની સહીઓ પોતે તેમજ અન્યની મદદથી આડાઅવળી ખોટી સહીઓ કરીને ખોટું સહમતી પત્રક રજુ કરીને વિજકંપની સાથે છેતરપીંડી કરીને વિજજોડાણ મેળવેલ હોય તેમજ પરસોતમભાઈ સાવલીયાનું તા.૧૭-૦૧-૨૦૨૧ ને રોજ અવસાન થયેલ હોય તે અન્વયે સ્વ.અરજદારશ્રીનું ખોટું સહમતી પત્રક રજુ કરી વિજકંપની સાથે છેતરપિંડી કરીને વિજજોડાણ મેળવેલ હોય જે અન્વયે ભવિષ્યમાં તેમના વારસદારોના નામે વિજજોડાણ તબદીલ કરવા સામે મારી વાંધા અરજી અને વિજકંપની સાથે છેતરપિંડી કરીને મેળવેલ વિજજોડાણ રદ્દ કરવા અંગેની મારી વાંધા અરજી તથા ફરિયાદ અરજી અન્વયે થી કરવામાં આવેલ છે.

૨.૧ ઉક્ત મારી વાંધા અરજી તથા વિજજોડાણ રદ્દ અંગેની ફરિયાદ અરજી સામે સંદર્ભિત પત્ર-(૨) થી બિલખા તથા જુનાગઢની કચેરી તરફથી મને મળેલ પ્રત્યુતર સામે મને અસંતોષ હોય માટે મારે આપ સાહેબની કચેરીના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ન્યાય માટે અરજી કરવાની ફરજ પડેલ છે. સ્વ.પરસોતમભાઈ સાવલીયા દ્વારા તા.૧૯-૦૧-૨૦૧૯ ના રોજ આપ સાહેબને જુની માંગણી મુજબના વિજજોડાણ મેળવવા માટે આપ સાહેબની અરજી કરવામાં આવેલ હતી જે અન્વયે આપ સાહેબ દ્વારા પત્ર જા- પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/૨૩૮૮-૬ તા.૨૭-03-૨૦૧૯ થી હુકમ કરવામાં આવેલ કે પરસોતમભાઈ સાવલીયા દ્વારા કરવામાં આવેલ જુની માંગણી મુજબ નવા ખેતીવાડી વિજજોડાણ આપી શકાય નહી તેવો હુકમ આપ સાહેબે કરેલ હતો તેની સામે પરસોતમભાઈ સાવલીયા દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગમાં શ્રી વિદ્યુત લોકપાલમાં અપીલ રજુઆત કરવામાં આવતાં વિદ્યુત લોકપાલ દ્વારા નંબરકેશ-૩૧/૨૦૧૯ તા. ૩૦-૦૫-૨૦૧૯ થે હુકમ કરવામાં આવેલ છે.આમ અરજદાર દ્વારા કરવામાં આવેલ જુની અરજી તથા નવી અરજી સાથે જોડેલ સહમતી પત્રકમાં મારી તથા અન્યો સંયુક્ત ખાતેદારોની સહીઓ પોતે તથા અન્યની મદદથી આડીઅવળી ખોટી સહીઓ કરેલ હોય માટે સ્વ.પરસોતમભાઈ સવળીયાના કોઈ વરસદારોને વિજજોડાણ તબદીલ ન કરવા માટે મારી વાંધા અરજી તથા સ્વ.પરસોતમભાઈ સાવલીયાનું તા.૧૭-૦૧-૨૦૨૧ ના રોજ અવસાન થયેલ હોય ખોટું સહમતી પત્રક રજુ કરીને વિજકંપની સાથે છેતરપિંડી કરેલ હોય જે અન્વયે તેને ફાળવેલ વિજજોડાણ રદ્દ કરવા મારી લેખિત અરજી આપેલ છે. વધુમાં જણાવવાનું કે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં નીચેનાકારણો સબબ મારે અરજી કરવાની ફરજ પડેલ છે.

(૧) સ્વ.પરસોતમભાઈ સાવલીયાએ રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરેલ મારી તથા અન્યોની ખોટી સહીઓ વાળું સહમતી પત્રક રજુ કરેલ છે જે વિજકંપનીની બિલખા ખાતેની કચેરીએ નિયમ મુજબ માન્ય રાખી અરજી સ્વીકારીને વિજજોડાણ ફાળવેલ છે જે યોગ્ય છે પરંતુ તેને રજુ કરેલ સહમતી પત્રકમાં મારી તથા અન્યોની સહી ખોટી હોવાનું હું એક સંયુક્ત ખાતેદાર તરીકે લેખિતમાં ફરિયાદ કર્યા બાદ વિજકંપનીની બિલખા ખાતેની કચેરીએ મારી ફરિયાદ અન્વયે સ્વ.પરસોતમભાઈ સવળીયાને નોટીસ પાઠવવી જોઈએ જે કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૨) સ્વ.પરસોતમભાઈ સાવલીયાનું તા.૧૭-૦૧-૨૦૨૧ ના રોજ દુ;ખદ અવસાન થયેલ હોય તેમણે કરેલ વિજજોડાણની નવી તથા જુની અરજી સાથે જોડેલ સહમતી પત્રક મારી તથા અન્યોની ખોટી સહીઓ હોવાનું હું પોતે ખેડ ખાતા નં૨૦ ની જમીનનો સંયુક્ત ખાતેદાર તરીકે લેખિતમાં ફરિયાદ અરજી કરેલ હોય તેમજ તેમના કોઈ વારસદારોના નામે ભવિષ્યમાં તેની માંગણી આવે તો વિજજોડાણ તબદીલ ન કરવા માટે તેમજ તબદીલીની કાર્યવાહી પહેલાં મારી તથા અન્યોની સહમતી ફરીથી માંગવી જોઈએ જે કાર્યવાહી કરેલ નથી.વધુમાં જણાવવાનું કે મારી તથા અન્યોની ખોટી સહીઓ વાળું સહમતી પત્રક રજુ કરવા સામે મારી વાંધા અરજી તથા સ્વ.પરસોતમભાઈ સાવલીયાએ ખોટી સહી વાળું સહમતી પત્રક જુની તથા નવી અરજી સાથે રજુ કરીને ખોટું વિજજોડાણ મેળવીને વિજકંપની સાથે છેતરપિંડી કરેલ હોય તેમજ સ્વ.પરસોતમભાઈ સાવલીયાનું અવસાન થયેલ હોય ભવિષ્યમાં કોઈ વારસદારોના નામે વિજજોડાણ તબદીલ કરતાં પહેલાં મારી તથા અન્યોની અસલ સહીઓ તથા ફોટાવાળું નોટરાઈઝ સહમતી પત્રક ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમાનુસાર ફોટાવાળું અસલ સહીઓ વાળું સહમતી પત્રક રજુ કરવા જણાવવું તથા સહમતી પત્રક તેમના દ્વારા રજુ ન કર્યે તેમનું વિજજોડાણ રદ્દ કરવા અંગેની નોટીસ પાઠવવાની મારી લેખિત ફરિયાદ અન્વયે કરવી જોઈએ જે વિજકંપનીની બિલખા ખાતેની કચેરીએ કરેલ નથી જે બાબતે આપ સાહેબ દ્વારા મને ન્યાય આપવા મારી વિનંતી છે. આમ મારી વિજજોડાણ રદ્દ કરવા અંગેની લેખિત ફરિયાદ તથા તેમના કોઈ વારસદારોના નામે ભવિષ્યમાં વિજજોડાણ તબદીલ ન કરવા અંગેની મારી લેખિત ફરિયાદના પ્રત્યુતરથી મને અસંતોષ થયેલ હોય માટે મારે આપ સાહેબ પાસે યોગ્ય ન્યાય અર્થે અરજી કરવાની ફરજ પડેલ છે. જે મારી રજુઆતને ધ્યાને લઈ યોગ્ય ન્યાય મળવાની કાર્યવાહી કરવા મારી નમ્ર વિનંતી છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 જુનાગઢ તાલુકાના જામકા ગામના ખેડ ખાતા નંબર-૫૨, સર્વે નંબર-૨૦ ઉપર શ્રી પરસોતમભાઈ ખીમભાઇ સાવલિયા ના નામથી નવું વીજજોડાણ આપવામાં આવેલ જે નવા ખેતીવાડી વીજજોડાણ બાબતે જણાવવાનું કે સદર અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા દ્વારા ગત તારીખ: ૨૨.૦૯.૨૦૦૬ ના રૂપિયા.૨૦૦/- પહોચ નંબર- ૩૫૧૦૩૬ દ્વારા અત્રેની કચેરીએ ભરપાઈ કરી સર્વે નંબર-૨૦ ના કૂવા પર ૫-હો.પા. ની માગણી મૂકવામાં આવેલ જેમાં તેઓ દ્વારા કંપનીના નિયમ મુજબ જરૂરી માલિકીના આધારપુરાવા તેમજ સદર સર્વે નંબરમા રહેલ ભાગીદારોની સહમતી રૂપિયા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર રજૂ કરવા માં આવેલ.સદર માગણી મુજબનું વીજજોડાણ અગ્રતાક્રમ મુજબ પાસ થતાં અત્રેની કચેરી દ્વારા નોટિસ નંબર : બીએસડી/આરઇ/૫૧૩ તારીખ: ૦૭.૦૫.૨૦૧૨ દ્વારા નવા માલિકીના આધારપુરાવા તથા સાધનિક કાગળો માગવામાં આવેલ જેમાં અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા દ્વારા તારીખ: ૧૫.૦૫.૨૦૧૨ ના રોજ અત્રેની કચેરીએ નવા માલિકીના આધારપુરાવા તથા સદર ખેતીની જમીનમાં રહેલ અન્ય ભાગીદારોની સહમતી રૂપિયા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર નોટરી સાથે રજૂ કરવામાં આવેલ જેના આધારે અત્રેની કચેરી દ્વારા માગણી મુજબના સર્વે નંબર માં હયાત કૂવા પર સર્વે કરવામાં આવેલ.

૩.૧ ત્યારબાદ અત્રેની કચેરી દ્વારા અગ્રતાક્રમ મુજબ ભાવપત્રક નંબર-૧૭૯૨ તારીખ: ૨૭.૦૭.૨૦૧૨ ના રૂપિયા.૫૯૩૫/- ની રકમ નું આપવામાં આવેલ જે અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા દ્વારા ૦૧.૦૮.૨૦૧૨ ના અત્રેની કચેરીએ ભરપાઈ કરવામાં આવેલ ત્યારબાદ અત્રેની કચેરીના કોન્ટ્રાકટર દ્વારા સ્થળપર સર્વે મુજબની કામગીરી કરવા માટે તારીખ: ૨૧.૦૮.૨૦૧૨ ના કામગીરી કરવા ગયેલ જે સમય દરમ્યાન બાજુના ખેડૂત ખાતેદાર દ્વારા મૌખિક વાંધો નવા વીજલાઇનના પોલ ઊભા કરવા સામે રજૂ કરવામાં આવેલ જેથી અત્રેની કચેરી દ્વારા અરજદાર ગ્રાહક પરસોતંભાઈ ને નોટિસ પત્ર નંબર-બિલખા/આરઇ/ઓબી /૨૧૧૮ તા.૨૩.૦૮.૨૦૧૨ થી સદર નવા પોલ ઊભા કરવા બાબતના વાંધાનું આપમેળે સમજૂતી કરી વાંધો દૂર કરી અત્રેની કચેરીએ લેખિતમાં જાણ કરવા જણાવેલ જેમાં તેઓ દ્વારા તારીખ: ૨૩.૦૮.૨૦૧૨ ના અત્રેની કચેરીએ સદર નવું મંજૂર થયેલ વીજજોડાણ નું લાઇનકામ ખેતરમાં પાક ઊભો હોય જેથી કરી૧-માસ મોકૂફ રાખવા માટેની અરજી આપવામાં આવેલ જે સમય દરમ્યાન કંપનીનો નવા પરિપત્ર આવેલ જે મુજબ "એક સર્વે નંબરમાં એક વીજજોડાણ ચાલુ હોય તો બીજું નવું વીજજોડાણ આપી શકાય નહીં" જેમાં સદર ખેતીવાડીના સર્વે નંબર-૨૦ પર અગાઉથી શ્રી. વ્રજલાલ પોલભાઈ સાવલિયા ના નામથી ગ્રાહક નંબર-૩૬૦૨૮/૦૦૭૯૧/૯ થી ૫-હો.પા. નું વીજ જોડાણ ચાલુ હોય જેથી કરી અત્રેની કચેરી દ્વારા નવા પરિપત્ર મુજબ અરજદાર ને નોટિસ નંબર-બીએસડી/આરઇ/રિફંડ/૨૯૦૨ તારીખ: ૧૬.૧૦.૨૦૧૨ થી સદર નવું મગેલ ખેતીવાડી વીજ જોડાણ રદ કરવામાં આવેલ હોય જેની જાણ કરવામાં આવેલ અને અરજદારને સદર વીજજોડાણ માટે ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ પરત મેળવી લેવા માટેની નોટિસ નંબર: બીએસડી/આરઇ/પૈડ રિફંડ/૧૮૭ તારીખ: ૦૮.૦૫.૨૦૧૪ થી જાણ કરવામાં આવેલ..

૩.૨ ત્યારબાદ ફરી કંપનીના નવા પરિપત્ર મુજબ ખેતીની જમીન૮-એકર થી વધુ હોય તો એક સર્વમાં બીજું વીજજોડાણ નિયમમુજબ અરજી કરતાં મળી શકે જેથી કરી અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા દ્વારા તારીખ: ૧૯.૦૧.૨૦૧૯ ના રોજ ગ્રાહક તકરાર ફોરમ માં જૂની માગણી મુજબના વીજ જોડાણ મળવા માટેની અરજી કરવામાં આવેલ જેમાં ગ્રાહક તકરાર ફોરમ દ્વારા પત્ર નંબર- પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/કવા-૦૪/૧૮-૧૯/૨૩૮૮-૬ તારીખ- ૨૭.૦૩.૨૦૧૯ થી હુકમ કરવામાં આવેલ કે "અરજદાર દ્વારા કરવામાં આવેલ જૂની માગણી મુજબના નવા ખેતીવાડી વીજજોડાણ આપી શકાય નહીં" જેમાં અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા ને સદર હુકમથી સંતોષ ન થતાં અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા દ્વારા ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ માં શ્રી વિધુત લોકપાલ માં રજૂઆત કરવામાં આવેલ જેમાં શ્રી વિધુત લોકપાલ દ્વારા નંબર-કેશ-31/2019 તારીખ : 30.05.2019 થી હુકમ કરવામાં આવેલ કે "જૂની માગણી મુજબનું વીજજોડાણ પ્રવતમાન નિયમો અન્વયે વસૂલવાપાત્ર રકમ વચ્ચેના તફાવતની રકમ વસૂલ કરીને અરજદારનું વીજ જોડાણ કાર્યાન્વિત કરવા આદેશ આપવામાં આવેલ" જેથી કરી અત્રેની કચેરી દ્વારા સદર નવું ખેતીવાડી વીજજોડાણ હુકમમાં જણાવ્યા મુજબ ભાવપત્રકની તફાવતની રકમ વસૂલીને ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા ને ખેતીવાડી વીજ-જોડાણ નિયમ મુજબ આપવામાં આવેલ.

3.3 આમ ફરિયાદી શ્રી જ્યંતીલાલ પોલાભાઈ સાવલિયાની ઉપરોક્ત ફરિયાદ અરજી માં જણાવ્યા મુજબ જામકા ગામે પરસોતમભાઈ ખીમાંભાઈ સાવલિયાને આપવામાં આવેલ ખેતીવાડી વીજજોડાણ રદ કરવા માટેની ઉપરોક્ત ફરિયાદ અરજી આપવામાં આવેલ છે જે બાબતે જણાવવાનું કે સદર વીજજોડાણ સક્ષમ સતાધિકારીના હુકમ મુજબ આપવામાં આવેલ હોય જેથી સદર વીજજોડાણ રદ કરી શકાય નહીં તેવો જવાબ ફરિયાદીને પાઠવવામાં આવેલ. તેમજ ફરિયાદ અરજી માં જણાવ્યા મજુબ સદર ખેતીવાડી વીજજોડાણ ને લઈ ભવિષ્યમાં આવનાર વારસાઈ નામ તબદીલ કરવાની અરજી સામે વાંધા અરજી આપવા બાબતમાં ફરિયાદીને જણાવેલ છે કે અત્રેની કચેરીએ સદર ખેતીવાડી વિજજોડાણને લઈ આજદિન સુધીમાં અરજદાર ગ્રાહક પરસોતમભાઈ ખીમાભાઈ સાવલિયા કે તેમના વારસદાર દ્વારા કોઈપણ પ્રકારની અત્રેની કચેરીએ નામફેર બાબતની અરજી રજૂ કરવામાં આવેલ નથી છતાંપણ જો સદર ખેતીવાડી વીજજોડાણ ને લઈ નામફેર બાબતની કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ નામફેરની અરજી જરૂરી સાધનિક કાગળો સાથે આપવામાં આવે તો અત્રેની કચેરી દ્વારા ઇનકાર કરી શકાય નહીં તે હકીકત ફરિયાદીને જણાવેલ છે.

3.૪ ફરિયાદી ના ફરિયાદ અરજીમાં જણાવ્યા મુજબ જામકા ગામે આપવામાં આવેલ સદર ખેતીવાડી વીજ જોડાણમા ફરિયાદીની તથા અન્ય સંયુક્ત ખાતેદારોની ખોટી સહીઓ રજૂ કરી સદર વીજજોડાણ મેળવવામાં આવેલ હોય જે બાબતે જણાવવાનું કે શ્રી પરસોતંભાઈ ખીમાભાઈ સાવલિયા મું-જામકા સર્વે નંબર-૨૦ નવા ખેતીવાડી વીજજોડાણ માટે રજૂ કરવામાં આવેલ સંયુક્ત ખાતેદારોની સહમતી રૂપિયા.૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર નોટરી સાથે રજૂ કરવામાં આવેલ છે તે હકીકત ફરિયાદીને જણાવેલ છે. આમ ફરિયાદી દ્વારા ફરિયાદ અરજીમાં દર્શાવેલ ફરિયાદ બાબતે તેઓને અત્રેની કચેરી દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવેલ છે. ફરિયાદી દ્વારા ફરિયાદ અરજીમાં કંપની ઉપર ગેરકાયદેસર વીજજોડાણ આપવા બાબતનો આક્ષેપ ખોટો છે જેનો ઇનકાર કરવામાં આવે છે. ઉપરની હકીકત ધ્યાને લેવા અને આગળની યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને વિનતિ

## :: હુકમ ::

૪.0 અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં.૩.૨,3.3 તથા ૩.૪ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે કાર્યવાહી કરવામાં આવેલ છે તે નિયમાધીન છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ સદર બાબતે જો અરજદાર શ્રી ને ઉપરોક્ત હુકમ થી અસંતોષ હોય તો તે અંગે ની રજુઆત કરવાની હોય તો તેઓ ન્યાયાલય/પોલીસ માં ફરિયાદ કરી ન્યાય મેળવી શકે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯